**નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫**

ગાંધીનગર મહાનગરપાલિકામાં પોષણ અભિયાનના વહીવટી અમલીકરણ માટે ૦૨ જગ્યા આઉટસોર્સથી ભરવા માટેની બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/BP/e-file/23/2023/1507/B1 Branch

સચિવાલય ગાંધીનગર

**વંચાણે લીધા:-**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૧-૦૨-૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0979/B (ICDS).

2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૭/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક:આઇસીડીએસ/પોષણ અભિયાન/ગાંધીનગર મ્યુ. કોર્પો./જગ્યા/નવી બાબત/૨૦૨૪-૨૫

**આમુખ:-**

આઇસીડીએસ યોજના અંતર્ગત ૦-૬ વર્ષના બાળકો, સગર્ભા તેમજ ધાત્રી માતાઓ અને કિશોરીઓને આંગાણવાડી કેન્દ્રો પર પૂરક પોષણ તેમજ જરૂરી સેવાઓ અને લાભો આપવામાં આવે છે. જેના સુદ્રઢ અમલીકરણ તથા હેતુઓ સિધ્ધ કરવા પોષણ અભિયાન અંતર્ગત રાજ્યના કોર્પોરેશન વિસ્તારમાં (કો-ઓર્ડીનેટર-૭, પ્રોજેક્ટ આસીસ્ટન્ટ-૭) કુલ ૧૪ જગ્યાઓ ૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ કાર્યરત છે.

વંચાણે લીધા (1) પરના વિભાગના ઠરાવથી ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તકના ગાંધીનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવતા કુલ ૧૧૧ આંગણવાડી કેન્દ્રો તમામ મહેકમ સાથે ગાંધીનગર મહાનગરપાલિકાને તબદીલ કરવા ઠરાવેલ છે.

વંચાણે લીધા (૨) પરના પત્રથી પોષણ અભિયાન અંતર્ગત સને ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં કરેલ જોગવાઇ અનુસાર ગાંધીનગર મહાનગરપાલિકાની ૦૨ જગ્યા (ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર-૦૧, પ્રોજેક્ટ આસિસ્ટંન્ટ-૦૧) ની સેવાઓ મેળવવાની રૂ. ૦.૦૬ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પોષણ અભિયાનનું સઘન રીતે અમલીકરણ થાય તે માટે ગાંધીનગર મહાનગરપાલિકામાં (૧) ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર-૦૧ અને (૨) પ્રોજેક્ટ આસિસ્ટન્ટ-૦૧ એમ કુલ-૦૨ જગ્યાની સેવાઓ આઉટસોર્સથી મેળવવા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં રૂ.૦.૦૬/-કરોડની નવી બાબતને નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | જગ્યાની સંખ્યા | માસિક વેતન (રૂ.) (અન્ય ચાર્જિસ સિવાય) |
|---|---|---|---|
| ૧ | ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર | ૦૧ | ૩૦૦૦૦/- |
| ૨ | પ્રોજેક્ટ આસિસ્ટન્ટ | ૦૧ | ૧૮૦૦૦/- |

શરતો:

1. સદર બાબતે ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ પછીથી કરવાનો રહેશે

2. આઉટસોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

3. આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

4. આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્યપદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

5. રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ, સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત કચેરીની રહેશે.

6. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે ખાતાની વડી કચેરીએ યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી ખાતાની વડી કચેરીની રહેશે.

7. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

8. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

9. આઉટસોર્સ જો કોઇ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

10. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.04 18:00:46 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

કરવાનો રહેશે.

11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

12. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

16. આ અંગેનો ખર્ચ ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૧ બજેટ સદરેથી કરવાનો રહેશે:

માંગણી નં:- ૧૦૬ રેવન્યુ

મુખ્ય સદર:- ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર:- ૦૨ પોષણ,ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર:- ૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદર:- ૦૧- આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનોને વધારાની સવલત (૧૦૦% સ્ટેટ બર્ડન)

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણા વિભાગની તા.૨૫/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે

(ડી.યુ.ગોસાઇ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ગાંધીનગર
7. નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી અમદાવાદ,
8. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
10. શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૪